નેશનલ ન્યુટ્રીશન મિશન નું અમલીકરણ અંગે
વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૮૧૦૩૧-બ
સચિવાલય ગાંધીનગર
તા. ૦૮-૦૨-૨૦૧૮

સંદર્ભ–

(૧) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવીદિલ્લી ના પત્ર ક્ર: NNM/7/2017-WBP તા.૧૮/૧૨/૨૦૧૭

(૨) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવીદિલ્લી ના પત્ર ક્ર: NNM/11/2017-WBP તા.30/૧૨/૨૦૧૭

(3) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીના Single File ક્ર:આઇસીડી-૧૧૨૦૧૮-૮૧૦૩૧-બ પર નાણાં વિભાગની મંજુરી

ઠરાવ :-

સંદર્ભ(૧) પર દર્શાવેલ ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવીદિલ્લી ના પત્ર થી નેશનલ ન્યુટ્રીશન મિશન નું અમલીકરણ કરવામાં આવેલ. સંદર્ભ(૨) પર દર્શાવેલ ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવીદિલ્લી ના પત્ર થી નેશનલ ન્યુટ્રીશન મિશન યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવેલ છે. સંદર્ભ(3) પર દર્શાવેલ કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરની સિંગલ ફાઇલ ના દરખાસ્ત ઉપર નાણાં વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત સંદર્ભે નેશનલ ન્યુટ્રીશન મિશન નું અમલીકરણ માટે નીચેની શરતે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેની જોગવાઇ વર્ષ ૨૦૧૭-૧૮ માં ભારત સરકાર ના હિસ્સા લેખે રૂ.૨૨૦૦.૮૭ તેમજ રાજ્ય સરકારના હિસ્સા તરીકે રૂ.૧૪૬૭.૨૫ લાખ ફાળા પેટે એમ કુલ રૂ.૩૬૬૮.૧૨ લાખ ની સુધારેલ અંદાજમાં જોગવાઇ માટે મંજુરી આપવામાં આવે છે. તે મુજબ પુરક માંગણી રજુ કરવાની રહેશે.

(૨) વર્ષ ૨૦૧૮-૧૯ માં ચાલુ બાબત તરીકે કેંદ્ર અને રાજ્યના હિસ્સા તરીકે ૬૦:૪૦ ના પ્રમાણમાં રૂ.૧૦.૦૦ લાખની જોગવાઇ માટે ફાળવવામાં આવનાર સિલીંગ ની મર્યાદામાં સમાવવાની રહેશે.

(૩) આ અંગેની જોગવાઇ ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં બજેટ હેડ ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧- એન.ટી.આર ૧૮ આઇસીડીએસ સ્કીમ હેઠળ કરી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ફાઇલ ઉપર સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગની તા. ૮/૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ.

સિલેક્ટ ફાઇલ

રવાના કર્યું
તારીખ-
સહી-